# અમદાવાદની રથયાત્રામાં માનવ મહેરામણ ઉમટ્યું

## ૧૯ ગજરાજો, ૧૦૧ ટ્રકો, ૩૦ અખાડા, ૧૮ ભજનમંડળી આકર્ષણનું કેન્દ્ર બન્યા : જય જગન્નાથ, જય રણછોડના ભકિત નારા સાથે શહેર જગન્નાથમય




અમદાવાદ, તા.૨૫ શહેરમાં જગન્નાથજીની ૧૪૦મી રથયાત્રા આજે ભારે હર્ષોલ્લાસ અને ભકિતભાવના વાતાવરણ વચ્ચે નીકળી હતી અને ભારે રંગચંગે અને શાંતિપૂર્ણ માહોલમાં આખરે સંપન્ન થઈ હતી. આ વખતે રથયાત્રામાં ભગવાન ૧૪૦ વર્ષના ઇતિહાસમાં સૌપ્રથમવાર ભગવાન જગન્નાથજી નગરજનોને યદુવંશી સ્વરૂપમાં એટલે કે, રબારીવેશ ગોવાળિયા સ્વરૂપમાં દર્શન આપ્યા હતા. ચાંદીની ખાસ યદુવંશી પાઘડી અને તેને અનુરૂપ વાઘા-વસ્ત્રો અને સાજ શણગારમાં રથમાં બિરાજમાન જગતના નાથ જગન્નાથજી ભગવાનના ગોવાળિયા સ્વરૂપના દર્શન કરી લાખો શ્રધ્ધાળુ ભક્તોએ ધન્યતા અનુભવી હતી. સમગ્ર વર્ષમાં આ એક જ દિવસ એવો હોય છે કે, ખુદ જગતનો નાથ તેના ભકતો અને દીનદુઃખીયોને સામે ચાલીને દર્શન આપવા તેમના ઘરઆંગણે આવે છે, જેથી રથયાત્રામાં ભગવાનના દર્શન કરવા આજે લાખોનો માનવમહેરામણ શહેરના માર્ગો પર જાણે કિડિયારાની જેમ ઉભરાયો હતો. આજે રવિવારની રજા હોઈ દર વર્ષ કરતા પ્રમાણમાં વધુ જનમેદની અને હૈયેહૈયુ દળાય એવો માનવમહેરામણ આજે રથયાત્રાના માર્ગો પર ઉમટયો હતો, શહેર આખુંય જાણે જગન્નાથમય બન્યું હતું. ૧૮ કિલોમીટર લાંબા રથયાત્રાના રૂટ પર કિડિયારાની જેમ ઉભરાયેલા લાખો શ્રધ્ધાળુ ભકતોએ ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઈ બલરામના દર્શન કરી જબરદસ્ત ધન્યતા અનુભવી હતી. તો કેટલાક અતિભાવુક અને લાગણીશીલ ભકતોની આંખો તો પ્રભુના દર્શન કરતાંની સાથે જ ભીની થઈ ગઈ હતી. રથયાત્રાને લઈ આજે શહેરમાં જાણે ભક્તિનું ઘોડાપૂર ઉમટયું હતું, મોડી સાંજે રથયાત્રા શાંતિપૂર્ણ વાતાવરણમાં નિજમંદિરે પરત ફરતા અને રથયાત્રાનો લોકોત્સવ નિર્વિઘ્ન રીતે સંપન્ન થતાં મંદિરના મંહત-ટ્રસ્ટીઓ, પોલીસતંત્ર સહિત સરકારના વહીવટી તંત્રે ભારે રાહતનો દમ ખેંચ્યો હતો.

જગન્નાથમંદિરમાં રાત્રે એક વાગ્યાથી જ હજારો શ્રધ્ધાળુઓની ભીડ જમા થવાનું શરૂ થઈ ગયું હતું.

# ટકાની ભરમારમાં પડવુ નહીં, સારા માનવી બનવુ જરૂરી : ડાગુર

ગાંધીનગર તા ૨૫ શહેરમાં ઉજવાતા શાળા પ્રવેશોત્સવમાં સે-૨૦ પ્રાથમિક શાળામાં અષાઢ મહીનાના વધામણા કરવામાં આવ્યા હતા. અગાઉ વિદ્યાર્થીઓના અભ્યાસ ક્રમમાં આ ગીત હોવાનુ યાદ કરીને પવિત્ર યાત્રાધામ બાર્ડના ચેરમેન મહેન્દ્ર ત્રિવેદીએ અષાઢના ઓવારણાં લેતા અષાઢી મેઘના અંબર ગાજે.... ગીત બાળકોને ગાય સંભળાવ્યુ હતુ. શાળામાં ૧૨ વિદ્યાર્થીઓનુ ધોરણ-૧ માં નામાંકન કરવામાં આવ્યુ હતુ. આ દરમિયાન અરૂણોદય સેવા ટ્રસ્ટ દ્વારા જયોત્સનાબેન બુચની હાજરીમાં શાળાના વિદ્યાર્થીઓને પગરખા વિતરણ કરવામાં આવ્યુ હતુ. સે-૨૩ સ્થિત કડી સર્વ વિદ્યાલયની શેઠ સી એમ હાઈસ્કુલમાં પણ ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ એમ એસ ડાગુરે પણ શાળા પ્રવેશોત્સવ વેળાએ ધોરણ-૯ ના વિદ્યાર્થીઓને ટકાની ભરમારમાં ન પડવાની સલાહ આપી ચીલાચાલુ કારકીર્દી તરફ ધ્યાન કેન્દ્રીત ન કરવા તેમજ સારા માનવી બનવા જણાંવ્યુ હતુ. તેમણે વિદ્યાર્થીઓન વકતવ્ય આપવાનુ ટાળી વાર્તાલાપ કર્યો હતો. ત્યારબાદ તેમણે શિક્ષકો સાથે પણ ગોષ્ટી કરી હતી. આ દરમિયાન પ્રશ્નોત્તરીના અંતે શિક્ષકોને હકારાત્મક વિચારો અમલમાં મુકવા પણ જણાંવ્યુ હતુ. પ્રવેશોત્સવ દરમિયાન શેઠ સી એમ હાઈસ્કુલના શાળાના આચાર્ય બચુભાઈ પટેલ, મુકેશ પટેલ બી એ પટેલ તેમજ ડો ચેતના બુચે હાજરી આપી હતી. સે-૧૩ આદર્શ નિવાસી કન્યા શાળામાં સોશિયલ જસ્ટીસ એમ્પાવરમેન્ટના પ્રિન્સિપાલ સેક્રેટરી કમલકુમાર દાયાનીએ શાળા પ્રવેશોત્સવ દરમિયાન શિક્ષણની ગુણવત્તા સહીત શિક્ષકોની કામગીરીનો પણ ખ્યાલ મેળવ્યો હતો. આ તબક્કે તેમણે ધોરણ-૧૨ બાદના અભ્યાસની પ્રવૃતિ અંગે પણ શાળાકક્ષાએથી વિદ્યાર્થિનીઓનુ ફોલોઅપ લેવા માટે શિક્ષકોને જણાંવ્યુ હતુ. આદર્શ નિવાસી શાળાનુ પરિણામ છેલ્લા પાંચ વર્ષથી સો ટકા આવતુ હોવાનુ જણાંવી શાળાના આચાર્ય એસ એમ ત્રિવેદીએ વિદ્યાર્થિનીઓનુ જનરલ નોલેજ વધે તે માટે પણ શાળાકક્ષાએ તૈયારી કરાવામાં આવતી હોવાનુ પણ જણાંવ્યુ હતુ. ધોરણ-૯ માં ૬૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો. આદિવાડા સ્કુલમાં ગુડાના ચેરમેન આશિષ દવેની હાજરીમાં શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ યોજાયો હતો.

# સે-૨૩માં પ્રવેશ ટાણે અમી વર્ષાથી હર્ષોલ્લાસ રેલાયો

રથયાત્રા સેકટર-૨૪માંથી સેકટર-૨૩માં પ્રવેશી રહી હતી ત્યારે આશરે ૬.૧૦ કલાકે ધોધમાર વરસાદની સરવાણીઓ વરસી પડતા સમગ્ર રથયાત્રામાં હર્ષોલ્લાસ વ્યાપી ગયો હતો. ધોધમાર અમીવર્ષામાં યાત્રિકો ભીંજાતા તેમને દિવસભરના ઉકળાટમાં લાગેલો થાક પળવારમાં ઉતરી ગયો હતો. બીજી તરફ સે-૨૩માં રથયાત્રાનું સ્વાગત કરવા તૈયાર બેઠેલા જિલ્લા કોંગ્રેસના અગ્રણીઓ તેમનો વારો આવ્યો તે સમયે થેયલી મેઘમહેરને શુભ સંકેત માની આનંદિત થયા હતા. લાગલગાટ ૨૫ મિનિટ સુધી ચાલેલી આ મેઘ મહેરના કારણે રથયાત્રા ઉપરાંત સમગ્ર શહેરમાં આનંદ ઉલ્લાસનું મોજું ફરી વળ્યું હતું. તથા સર્વત્ર ખુશાલી વ્યાપી જવા પામી હતી.

# ''મિશન-૨૦૧૯'' : ભાજપ પ્રમુખ અમિત શાહ 'MLA' નહીં પણ 'MP' બને તેવી સંભાવના

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

ગુજરાતના રાજકારણમાંથી ખૂબ જ ટૂંકસમયમાં નેશનલ લેવલે પહોંચેલા અમિત શાહ એક એવા નેતા તરીકે ઉભર્યા છે. તેમની રાજકીય કારકિર્દીના ઘડતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો મોટો હાથ છે. થોડા સમય પહેલાં ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કહ્યું હતું કે અમિત શાહ હવે નેશનલ લેવલના લિડર છે અને તેઓ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ છે તેથી તેઓ ૨૦૧૭માં વિધાનસભાની ચૂંટણી લડશે નહીં. જો કે અમિત શાહે પણ ખુલાસો કર્યો છે કે તેઓ વિધાનસભાની ચૂંટણી લડવાની ઈચ્છા ધરાવતા નથી પરંતુ પાર્ટી કહે તેમ કરીશ તેવું તેઓએ બયાન કર્યું હતું. અમિત શાહનો ગોલ પાર્ટીને ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી જીતાડવાનો છે. સંભવ છે કે તેઓ ગુજરાતમાંથી ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી લડે અને કેન્દ્રીય કેબિનેટમાં બીજા નંબરનું સ્થાન હાંસલ કરે. તેમના માટે એક નહીં અનેક બેઠકો ખાલી થઈ શકે છે. હાલ તો અમદાવાદ અને ગાંધીનગરની બેઠક તેમના માટે હોટ ફેવરિટ છે.

**કોઇની સામે વર્ષો સુધી લડ્યા હોઇએ અને એ ને જ સમર્થન આપવાનું થાય તો ?**

**રાજકારણનો પહેલો પાઠ, નામ યાદ રાખો...**

કોઈને તમે નામથી બોલાવો તો આદરભાવ વધે છે. આત્મિયતા લાગે છે. મુલાકાતી કે મિત્રોના નામ યાદ રાખવાની કળા બહુ ઓછા રાજકારણીઓમાં હોય છે. ગુજરાતના નેતાઓની વાત કરીએ તો સુરતના પૂર્વ સાંસદ સ્વ. કાશીરામ રાણાને જે કોઈ મળ્યા છે તેમના નામ તેમણે યાદ રાખ્યા છે. કોંગ્રેસના શંકરસિંહ વાઘેલા પણ નામ યાદ રાખવામાં પાછા નથી પડ્યા. જાહેર ફંકશનમાં નામજોગ બોલાવે તેવા નેતા નરેન્દ્ર મોદી છે. તેમને બધાં નામ યાદ હોય છે. ભાજપના બીજા એક નેતા અશોક ભટ્ટ હતા તેઓ બધાંને નામથી બોલાવતા હતા. તેમની યાદશક્તિ ગજબની હતી, છ મહિના પછી પણ તેમને યાદ હોય કે આ વ્યક્તિ મને મળી ચૂકી છે... કોંગ્રેસના શક્તિસિંહ ગોહિલ, અર્જુન મોઢવાડિયા અને કેન્દ્રીય મંત્રી મનીષ તિવારીની યાદશક્તિ પણ સારી છે. તેઓ લગભગ તમામ મિડીયા પર્સનને નામજોગ બોલાવે છે. ભાજપના સ્વ. હરેન પંડ્યા અને સ્વ. પ્રમોદ મહાજન પાસે પણ આ કળા હતી તેના કારણે તેઓ વધારે પોપ્યુલર બન્યા હતા. રાજકારણના પાઠ ભણવા હોય તો પહેલાં આ કળા શિખવી પડે, કે જેથી તમે મિત્રવર્તુળમાં પ્રિયપાત્ર બની રહો...

**પછી જુઓ ભાજપમાં મહિલા વોટ કેટલા પડે છે...**

આપણી ૧૬મી સંસદમાં મહિલા સંસદસભ્યોની ટકાવારી ૧૧ ટકા છે. ૫૪૩નું સંખ્યાબળ ધરાવતી સંસદમાં આપણી પાસે ૬૩ મહિલાઓ છે જે લોકસભાના ઈતિહાસમાં સૌથી વધુ છે. ૨૦૦૯માં ૫૪ મહિલાઓ સંસદસભ્ય હતી, આમ છતાં મહિલા પ્રતિનિધિત્વ ખૂબ ઓછું છે. મહિલાઓ પુરૂષની બરોબરી કરી શકે..?.. આવો પ્રશ્ન કોઈ પૂછે તો સભ્ય સમાજ હા માં ઉત્તર આપે છે. પણ જો રાજકારણની વાત આવે તો... મૌન બની જાય છે... મહિલાઓને ૫૦ ટકા બેઠકો આપવાની વાતો કરતા આપણા નેતાઓ મહિલાઓને સાચા અર્થમાં રાજકારણની ધૂરા સોંપી શકતા નથી. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પ્રયોગ કરે છે પણ ધારાસભા કે લોકસભામાં હરગીઝ નહીં. આપણો સભ્ય સમાજ મહિલાઓને આગળ આવવા દેતો નથી. ભલે બંધારણીય રીતે શક્ય ન હોય, પાર્ટી તો મહિલા ઉમેદવારને ટીકીટ આપી શકે છે. કોંગ્રેસ પાર્ટીમાં શક્ય નથી પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના પ્રેસિડેન્ટ અમિત શાહે ૨૦૧૭ અને ૨૦૧૯માં આ પ્રયોગ કરવો જોઈએ, પછી જુઓ ભાજપમાં મહિલા વોટ કેટલા પડે છે?!!...



**'આપ' એ કેજરીવાલની મોનોપોલી છે...? !!**

આમ આદમી પાર્ટી એટલે કે છઈઁ શબ્દ એ અરવિંદ કેજરીવાલની મોનોપોલી બની ગયો છે. આજે ચૂંટણી પ્રચારમાં ભાજપના નેતાઓ ''આપ'' શબ્દ બોલી શકતા નથી. કોઈ બોલે તો તેને અટકાવી દેવામાં આવે છે. કોંગ્રેસ હાઈકમાન્ડનું પણ આવું જ ફરમાન છે. આપ યહાં આયે કિસ લીયે... આપને બુલાયા ઈસલિયે... આવા ગીતો પણ કેજરીવાલની પાર્ટી સિવાય કોઈ ગાઈ શકે નહીં. આમ આદમી એટલે જે લોકો સત્તામાં નથી તેવો અર્થ થાય છે. આપણે બધાં અખબારના વાંચકો આમ આદમીમાં આવી જઈએ છીએ. જે બિઝનેસ કરે છે, જે મજૂરી કરે છે, જે નોકરી કરે છે તે આમ આદમી છે. ટેરરિસ્ટ ઉપર બનેલી અને પ્રખ્યાત થયેલી વેડન્સડે નામની હિન્દી ફિલ્મમાં નસીરૂદ્દીન શાહ સત્ય સામે લાવતી વખતે અનુપમ ખેરને કહે છે કે હું બીજો કોઈ નહીં, 'આમ આદમી છું...'

**કોંગ્રેસ જ મોદીનું કામ આસાન બનાવે છે...**

'કોંગ્રેસને હરાવવા માટે ભાજપ કે મોદીની જરૂર નથી, કારણ કે કોંગ્રેસમાં જ એકબીજાના એટલા બધા વિરોધીઓ છે કે મોદીનું કામ આસાન કરી નાંખે છે.' આ વાક્ય હવે ચવાઈ ગયું છે, કેમ કે ૧૯૯૫ પછી ગુજરાતમાં આવેલી તમામ ચૂંટણીના પરિણામો પછીની સમીક્ષામાં કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓને આ શબ્દો જ સાંભળવા મળ્યા છે. અમારા વિસ્તારમાં આ એક ઉમેદવાર છે જે ચૂંટણી જીતી શકે છે તેથી આ વખતે ટીકીટ તો તેને જ આપજો...એવી ઉદારતા કોંગ્રેસના એકપણ સિનિયર નેતામાં રહી નથી. બીજાના ટાંટીયા ખેંચીને ઉપર આવનારા નેતાઓની અછત નથી. બીજી પાર્ટીમાંથી કોંગ્રેસમાં આવેલા એક પૂર્વ ધારાસભ્યએ કહ્યું હતું કે અમારા વિધાનસભા મત વિસ્તારમાં મને એક નેતાએ કહ્યું હતું કે ''આપણા વિસ્તારમાં સિનિયર મોસ્ટ એક નેતા છે જેઓ ચૂંટણી ક્યારેય જીત્યા નથી, પણ તમારે તેમને સરન્ડર થઈને ચૂંટણી લડવી પડશે. આ નેતાની દિલ્હીમાં વગ છે.''... જો કે આ પૂર્વ ધારાસભ્ય પેલા નેતાને વશ ન થયા, પરિણામ એ આવ્યું કે લાખોનો ખર્ચ કરવા છતાં છેલ્લી બે ચૂંટણીમાં તેઓ વિજયી બની શક્યા નહીં...કારણ સાફ છે ; કોંગ્રેસના સત્તાવાર ઉમેદવારને હરાવવા માટે પેલા નેતાએ ભાજપના ઉમેદવાર પાસેથી રૂપિયા ઉઘરાવી લીધા હતા...!!

**નિતી-નિયમો વિનાના સ્પીડબ્રેકર જોવા હોય તો ગાંધીનગરની મુલાકાત લેવી પડે**

**ચૂંટણી પહેલાં જોઇએ, કેટલા પાટલી બદલે છે...**

કોંગ્રેસનો જૂનો માલ ભાજપના ગોડાઉનમાં ઠલવાઈ રહ્યો છે તે જોતાં ભાજપના એક સિનિયર નેતાએ કહ્યું હતું કે અમારા પાર્ટીના સમર્થક કાર્યકરો અને આગેવાનો આ પ્રવાહથી ખૂબ નારાજ છે, કારણ કે આજ-કાલમાં પાર્ટીમાં જોડાયેલા નેતાઓને સીધા પાવરમાં લઈ લેવામાં આવે છે. જેની સામે ચૂંટણી લડ્યા હોઈએ તેનો પ્રચાર કરવા જવું પડશે. કોંગ્રેસમાં જ્યારે 'જનતાદળ-ગુજરાત'નું વિલિનિકરણ થયું ત્યારે કોંગ્રેસની હાલત ભાજપ જેવી હતી. નવા લોકોને સમાવીને તેમના માટે ચૂંટણીનું કામ કરવું ખૂબ કપરૂં હતું. કોંગ્રેસના સિનિયર નેતાઓ અને કાર્યકરો નવા લોકોને શંકાની નજરે જોતાં હતા. આ તો કોઈ માતા-પિતાએ પોતાની પાસે પુત્ર હોવા છતાં કોઈના બાળકને દત્તક લીધો હોય તેવો ઘાટ ઘડાયો છે. જે ઉમેદવારની સામે ચૂંટણી લડ્યા હોઈએ તે ઉમેદવારને જીતાડવાનું કામ કરવું કેટલું કપરૂં હોય છે તે જાણવું હોય તો કોંગ્રેસના નેતાઓને પૂછવું પડે...૨૦૧૭ની વિધાનસભા ચૂંટણી આવી છે ત્યારે ભાજપે કોંગ્રેસના મજબૂત ઉમેદવારો પર નજર દોડાવી છે, જોઈએ કેટલા પાટલી બદલે છે..!!

**મિનરલ બોટલની ટેવથી ટેક્સ આવ્યા...**

નર્મદાનું જળ આપણને મફતમાં પીવા મળતું નથી. સરકાર તેના રૂપિયા વસૂલ કરે છે. સામાન્ય જનતા જ નહીં, ઉદ્યોગો અને ખેડૂતો પણ પાણીના દામ ચૂકવે છે. પાણી તો ઠીક આપણે તો કુદરતી હવાનો પણ ઈનડાયરેક્ટલી ટેક્સ ભરીએ છીએ. સરકાર હવે આપણને મફતમાં કંઈ આપવા માગતી નથી કારણ કે તે વેપારી બની ચૂકી છે. મહાઅમાત્ય ચાણક્યએ કહ્યું છે કે 'જેનો રાજા વેપારી તેની પ્રજા ભિખારી'.. આપણે મતદારો ભિખારી બની ગયા છીએ. આ વાત એટલા માટે યાદ આવી કે સરકારે નર્મદા પાણીના દરો વધાર્યા છે. આ ભાવ સ્થિર રહેવાની કોઈ ગેરંટી નથી.મજાની વાત એવી છે કે આપણે બિસલરીની બોટલમાં ૨૦ રૂપિયાનું એક લીટર પાણી જ્યારથી પીવાનું શરૂ કર્યું ત્યારથી સરકારે પાણીના ભાવ નક્કી કર્યા છે. ગાંધીનગરમાં નર્મદાનું પાણી આવે છે છતાં સચિવાલયમાં મિનરલ કલ્ચર છે. સરકાર એ બતાવવા માગે છે કે અમે પણ પાણીના દામ ચૂકવીએ છીએ, તો જનતાએ તો આપવા જ પડે ને...!!

**નેશનલ પાર્ટીઓની સંખ્યા ઘટીને છ થઇ છે...**

ભારતમાં ૧૯૫૧માં સૌ પહેલી લોકસભાની ચૂંટણી યોજવામાં આવી ત્યારે સમગ્ર દેશમાં રાષ્ટ્રીય પાર્ટીઓની સંખ્યા માત્ર ૧૪ હતી જેમાં કોંગ્રેસનો દબદબો હતો. અધર સ્ટેટ પાર્ટીઓની સંખ્યા પણ ૩૮ હતી. કુલ મળીને દેશમાં ૫૩ પાર્ટીઓ તેમના ઉમેદવારો ઉભા રાખતી હતી. આજે ભારતમાં મલ્ટી-પાર્ટી સિસ્ટમ કાર્યરત છે. આજે ભારતના ચૂંટણી પંચમાં રજીસ્ટર્ડ થયેલી પાર્ટીઓની સંખ્યા ૧૭૬૧ છે જેમાં આઠ નેશનલ પાર્ટી, ૪૮ સ્ટેટપાર્ટી અને ૧૭૦૬ અનરેકગ્નાઈઝ્ડ પાર્ટીઓ છે. આઠ નેશનલ પાર્ટીમાં ઓલ ઈન્ડિયા ત્રુણમૂલ કોંગ્રેસ, બહુજન સમાજ પાર્ટી, ભારતીય જનતા પાર્ટી, કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા, કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા- માર્કસિસ્ટ, ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ, જનતાદળ-યુનાઈટેડ અને નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી છે...

**સ્પીડબ્રેકરોની નગરી તમે જોઇ છે?!!...**

ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં બનાવવામાં આવેલા સ્પીડબ્રેકર્સ નિતી નિયમો અને ધારાધોરણો પ્રમાણે બનાવવામાં આવ્યા નથી. ઠેરઠેર જોવા મળતા સ્પીડબ્રેકર્સ અકસ્માતો રોકતા નથી પણ તેમાં વધારો કરે છે. નિયત હાઈટ કરતાં વધુ ઉંચાઈના બ્રેકરોએ હાઈટમાં નીચી ગાડીઓ માટે મુસિબત સર્જી છે છતાં રોડ સેફ્ટિના નિયમોનું ખુદ સરકારે જ પાલન કર્યું નથી. સ્પીડ બ્રેકરોની જગ્યાએ બેરિયર અત્યંત સફળ નિવડ્યાં છે. સચિવાલય જતા માર્ગો પર કે સર્કલો પર મૂકવામાં આવેલા બેરિયર્સના કારણે પાટનગરમાં અકસ્માતો ઘટ્યાં છે પરંતુ સ્પીડબ્રેકરોના કારણે વધ્યાં છે. ન્યૂ ગાંધીનગરમાં તો એવું કહેવાય છે કે આ વિસ્તારમાં માર્ગ ઓછા છે અને સ્પીડબ્રેકર્સ વધારે છે. એક કિલોમીટ કે ૫૦૦ મીટરની મર્યાદા પણ તેમાં ચૂકી જવામાં આવી છે. પાંચ ડગલાં ચાલીએ ત્યારે સ્પીડબ્રેકર સામે આવે છે.

**વિધાનસભા અને લોકસભામાં ૫૦ ટકા મહિલા અનામત ક્યારે ? મોદી શરૂઆત કરે**

**બાઉન્સર જોઇએ છે, તો અહીં જાવ...**

ગુજરાત સરકારમાં સલામતી રક્ષકોની જગ્યાએ બાઉન્સરો રાખવામાં આવે તો આપણને એટલા રક્ષકો જનતાની સલામતી માટે મળી શકે છે. આપણા દેશમાં બાઉન્સરોની અછત નથી. બસ, દિલ્હી જાવ અને બાઉન્સર તૈયાર. અસૌલા અને ફતેહપુર બેરી એ નવી દિલ્હીથી ૨૦ કિલોમીટર દૂર દુનિયામાં સૌથી મજબૂત ગામ છે. આ ગામને બાઉન્સરની વસતીનું ગામ કહેવામાં આવે છે, કારણ કે પ્રત્યેક ઘરમાં એક બાઉન્સર જોવા મળે છે. ગામનું પ્રત્યેક બાળક પહેલવાન છે. દિલ્હીની નાઈટ કલબમાં આ ગામના બાઉન્સર જોવા મળે છે. આ ગામનો એકપણ બાળક એવો નહીં હોય કે જેણે જીમ જોઈન્ટ નહીં કર્યું હોય. મજાની બાબત એવી છે કે આ ગામનો પ્રત્યેક વ્યક્તિ કસરત કરે છે. કોઈપણ બાળક શરાબ પીતું નથી કે તમાકુનું સેવન નથી. ગામનો ગોલ બાઉન્સર છે. બાઉન્સર માટે દિવસમાં ચાર લિટર દૂધ અને બે કિલો દહીં અનિવાર્ય છે. પ્રત્યેક વ્યક્તિ તેના ડાયટનો ખાસ ખ્યાલ રાખે છે. ફિલ્મોમાં નહીં, હકીકતમાં આ જ છે દંગલ...

**ફેક જાહેરખબર :**

''કોંગ્રેસને ગાંધીનગર, અમદાવાદ, રાજકોટ, સુરત અને વડોદરામાં વિધાનસભાના મજબૂત ઉમેદવાર જોઈએ છે, જીતી શકે તેવા ઉમેદવારો સંપર્ક કરે...!!''